Seat No. : _______________

# AE-112

**April-2025**

**B.A., Sem. – VI**

**CE-314/A : Gujarati**

**(વસંતવિલાસ – ફાગુ)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. ફાગુ સંજ્ઞા સમજાવી, તેના મહત્વના લક્ષણોની ચર્ચા કરો. **14**

**અથવા**

1. મધ્યકાલીન સાહિત્યમાં થયેલ ફાગુ સાહિત્ય સ્વરૂપના ઉદ્‌ભવની ચર્ચા કરી સ્વરૂપ વિકાસના મહત્વના વળાંકોની ચર્ચા કરો. **14**

2. 'વસંતવિલાસ' એક યુગ્મનું નહિ યુગ્મ સામાન્યનું, વ્યક્તિનું નહિ પણ સમષ્ટિનું કાવ્ય છે.' – ઉમાશંકર જોશીના આ વિધાનની સમીક્ષા કરો. **14**

**અથવા**

2. 'વસંતવિલાસ'ની કથાવસ્તુમાં આલેખાયેલ સંયોગ અને વિપ્રલંભ શૃંગારની સોદાહરણ ચર્ચા કરો. **14**

3. વિવેચનાત્મક નોંધ લખો. (કોઈપણ **બે**) **14**

   (1) 'વસંતવિલાસ'ની ભાષા

   (2) 'વસંતવિલાસ'માં નાયિકાઓનું વર્ણન

   (3) 'વસંતવિલાસ'માં સમાજદર્શન

   (4) 'વસંતવિલાસ'માં અલંકાર

4. નિમ્નલિખિત ફકરામાંથી કોઈ **એક** ફકરાનો **1/3** ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો : **14**

(1) સ્પર્શની પણ એક ભાષા છે. એમાં વૈવિધ્ય છે, ઉદાહરણ તરીકે ડોક્ટર પાસે ઘા રૂઝવવાનો સ્પર્શ છે, શિક્ષક પાસે બૌદ્ધિક સ્પર્શ છે, વકીલ પાસે કૌશલ્યનો સ્પર્શ છે અને કલાકાર પાસે સર્જક સ્પર્શ છે. દરેક માનવી પાસે જાદુઈ સ્પર્શ છે અને એ જ તો એની ખરી દુનિયા છે. સ્પર્શનો મહિમા સમજવા નીચેના મુદ્દાઓ જરૂર ઉપયોગી થઈ શકે તેમ છે : એક, સારું જોવું, સુંદરતાનો હાથ પકડી લેવો, તૂટી જવાય એવી બાબતોથી દૂર રહેવું. બીજું, તમે સજાગ છો પણ કેટલીક ઘટનાઓના પ્રભાવ હેઠળ તમે આવો છો અને એમાંથી મુક્ત થઈ શકતા નથી. તમારી બેદરકારીને કારણે તે ચાલુ રહે છે તો એનાથી થતી નુકસાની તમારે એકલાએ જ ભોગવવાની છે, પરિવારને એમાં સામેલ કરશો નહિ, તેમજ વારંવાર ઘુંટીને દુઃખી થશો નહિ, શાંત પડો ત્યાં સુધી મૌન રાખશો પછી આંખો બંધ રાખીને બાળકોને વહાલ આપતા રહેશો તો એમની લાગણીઓ અકબંધ રહેશે. ત્રીજું, તમારાં બાલુડાંથી અંતરથી કદી પણ દૂર જશો નહિ. એમના જન્મથી શરુ કરીને જ્યાં સુધી તમારું વહાલ યા સલામતી અનુભવે છે ત્યાં સુધી એમને આંખમાં અને પાંખમાં રાખશો. હા, વધુ પડતું પંપાળશો નહિ પણ યાદ રાખજો કે બાળકો પુષ્પ સમાન છે એટલે સંપૂર્ણ સંભાળ અને વહાલથી એમની કાળજી રાખશો.

ચોથી વાત, તમે પતિ કે પત્ની હોવ તો એકબીજાની પીઠ પંપાળશો અને તમારી વચ્ચે તંદુરસ્ત અને મૈત્રીભર્યા સંબંધો ઊભા કરજો કે જેથી બાળકને આ દુનિયામાં વિશ્વાસ પડે. ટી.વી. સિરિયલો કે ચલચિત્રોમાં ક્યારેક માનવ માનવ વચ્ચે વિશ્વાસઘાતની વાતો દર્શાવવામાં આવે છે તે સમયે તમારો તંદુરસ્ત, મૈત્રીભર્યો સંબંધ અને સ્પર્શ તેમને ખાતરી આપશે કે દુનિયામાં ખરા સ્નેહનું અસ્તિત્વ છે, અને તેથી તેનો આત્મવિશ્વાસ વધશે. પણ, હજી જો તમે તમારા ભાવાત્મક પ્રતિકારની લાગણીઓ ઉપર કાબૂ નહિ રાખી શકો તો તેમને વધુ સહન કરવાનું રહેશે. તમે અરસપરસ ચાહી, એકબીજાને અપનાવી શકો તો જ તમારાં સંતાનોમાં સ્નેહ અને ઉષ્માનું વાતાવરણ ઊભું કરી શકશો. હા, તમારા સંતાનો અંદરો અંદર મોકળાશથી એકબીજાને ભેટી, સ્નેહની પ્રતિતી કરાવતા રહે તે બાબતને હિંમત અને ઉત્તેજન આપવામાં પાછા પડશો નહિ.

(2) આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધ આત્મા પરમાત્માના દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. એ શુદ્ધિ સાધ્ય છે. પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું. રાગ-દ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથવા છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકોની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણીવેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેણે સારું મારે શૂન્યવત બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે. – ગાંધીજી

5. નીચે આપેલી ખાલી જગ્યાઓનો ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી આપો : (કોઈપણ **સાત**) **14**

(1) ફાગુ શબ્દની વ્યુત્પત્તિ _________ સંસ્કૃત શબ્દ પરથી થઈ છે.

(a) ફગુવા (b) ફલ્ગુ

(c) ફગ્ગુ (d) ફાગ

(2) _________ સર્જકોના ફાગુઓમાં ઉદ્દીપક શૃંગારના નિરૂપણ પછી અંતે શીલ, સાત્વિકતા અને વિષયભોગનો ત્યાગ વર્ણવવામાં આવતો.

(a) જૈનેતર (b) બ્રાહ્મણ

(c) જૈન (d) બૌદ્ધ

(3) 'વસંતવિલાસ' _________ કડીની ફાગુ રચના છે.

(a) 28 (b) 84

(c) 108 (d) 400

(4) 'વસંતવિલાસ'ની ભાષા _________ છે.

(a) ગુજરાતી (b) પ્રાકૃત

(c) ઓલ્ડ વેસ્ટર્ન રાજસ્થાની (d) માગધી

(5) "વસંતવિલાસ" ચમકચમક થતી ચાંદરણી જેવું કાવ્ય છે. એવું _________ એ કહ્યું.

(a) કલાપી (b) કાન્ત

(c) કે.હ. ધ્રુવ (d) નર્મદ

(6) 'પહિલઉં સરસતિ અરચિસુ રચિસુ વસંતવિલાસુ
વીણિ ધરઈ કરિ દાહિણિ હંસલઉ જાસુ' પંક્તિમાં _________ સ્તુતિ ગાવામાં આવી છે.

(a) હંસ (b) ઈન્દ્ર
(c) સરસ્વતી (d) ગુરુ

(7) 'વસંતવિલાસ'માં વન નગરનો રાજા _________ છે.

(a) વસંતરાજ (b) વનરાજ
(c) મદન (d) મુંજ

(8) વિરહીણી નાયિકાને પ્રિયતમના શુભ શુકન થતાં _________ પક્ષીની ચાંચને સોને મઢવાનું વચન આપે છે.

(a) પોપટ (b) રાજહંસ
(c) કાગડો (d) બુલબુલ

(9) 'વસંતવિલાસ'ને આરંભે _________ ઋતુનું વર્ણન છે.

(a) પાનખર (b) વર્ષા
(c) વસંત (d) ગ્રીષ્મ

(10) 'આમ નાનું પણ આ કાવ્ય તત્કાલીન ભાષાભૂમિકાનો એક ઉચ્ચકોટિનો નમૂનો આપે છે...' – આ વિધાન _________નું છે.

(a) હરિવલ્લભ ભાયાણી (b) કે.હ. ધ્રુવ
(c) કે.કા. શાસ્ત્રી (d) આમાંથી કોઈ નહીં

(11) ફાગુ_________ સમયનો સાહિત્ય પ્રકાર છે.

(a) આધુનિક (b) પૌરાણિક
(c) મધ્યકાલીન (d) પ્રાગૈતિહાસિક

(12) 'વસંતવિલાસ' ફાગુના કર્તા _________ છે.

(a) અજ્ઞાત (b) મુની જિન વિજયજી
(c) મુંજ (d) મદન

(13) ફાગુનો અર્થ મધુઉત્સવ કે વસંતોત્સવ _________ કર્યો હતો.

(a) કે.હ. ધ્રુવ (b) નાકર
(c) હેમચંદ્રાચાર્ય (d) ઉમાશંકર જોશી

(14) 'ઈણિ પરિ નિજ પ્રિય રંજવઈ મુંજવયણ ઈણિ ઠાઈ,
ધનુ ધનુ તે ગુણવંત વસંતવિલાસુ જિ ગાઈ' – 'વસંતવિલાસ' ફાગુમાં આ પંક્તિ _________ છે.

(a) મંગલાચરણ (b) ફલશ્રુતિ
(c) ઉપશમ (d) સર્જક પરિચય

Seat No. : _______________

# AE-112

**April-2025**

**B.A., Sem. – VI**

**CE-314/B : Gujarati**

**(આદર્શ એકાંકીઓ – સતીશ વ્યાસ)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચનાઓ :** (1) પ્રશ્નપત્રના પ્રથમ વિભાગના દરેક પ્રશ્નો **14** ગુણના

(2) પ્રશ્નપત્રનો બીજો વિભાગ ફરજીયાત (**14** ગુણ)

**વિભાગ-1**

1. એકાંકીના સ્વરૂપગત લક્ષણોનો વિગતે પરિચય કરાવો.

**અથવા**

1. ગુજરાતી એકાંકીના ઉદ્દભવ-વિકાસની રૂપરેખા જણાવો.

2. વિષયવૈવિધ્ય તથા રચનારીતિની દૃષ્ટિએ 'આદર્શ એકાંકીઓ'માં સંપાદિત રચનાઓની લાક્ષણિકતાઓનો પરિચય કરાવો.

**અથવા**

2. નીચેનામાંથી કોઈ **એક** રચનાનું મૂલ્યાંકન કરો :

(1) 'બારણે ટકોરા'

(2) 'અશ્વત્થામા'

(3) 'ફોટોગ્રાફર'

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**)

(1) 'આદર્શ એકાંકીઓ'માં સંપાદિત પરંમપરીત રચનાઓ

(2) 'આદર્શ એકાંકીઓ'માં સંપાદિત એબ્સર્ડ રચનાઓ

(3) 'માની દીકરી'ની વસ્તુસંકલના

(4) 'કડલાં' એકાંકીનો આરંભ-અંત

(5) 'બાથટબમાં માછલી'માં પાત્રચિત્રણ

4. (અ) નીચેના ગદ્યખંડનો સંક્ષેપ કરો :

સાચી શ્રદ્ધા નીતિની વિરોધી નથી. તે આત્માની ઉન્નતિ કરનાર છે, અવનીતિ નહીં. તે જાડી વસ્તુ છે. જગત જે પાંચ, સાત કે એક સિદ્ધાંતમાં માને છે તેને વળગી બેસી રહેવું તે શ્રદ્ધા. હું શિક્ષકોને કહું છું કે તેઓ વિદ્યાર્થીઓની બુદ્ધિ ખૂબ ખીલવે પણ તેમની શ્રદ્ધા ખોવડાવે નહીં. શ્રદ્ધા વિના કામ ન ચાલી શકે, એનાં ઘણા ઉદાહરણો છે. જ્યાં બુદ્ધિ થાકી ગયેલી છે ત્યાં શ્રદ્ધાનું સ્થાન છે. એ શ્રદ્ધા આપી અપાય નહીં. એ તો પોતામાં હોય તો જ નીકળે. અધ્યાપકો શ્રદ્ધા અને બુદ્ધિનું મિશ્રણ ન કરે. શ્રદ્ધા બુદ્ધિથી અલિપ્ત છે – નોખી છે. શિક્ષકો એને નોખી માનીને કેળવે, એમાં ભૂલથાપની ચિંતા ન રાખે. શ્રદ્ધા એ હૃદયનો ગુણ છે, હૃદયનો સ્વભાવ છે. પ્રજ્ઞાએ બુદ્ધિની વસ્તુ છે. એ નોખી માનીને શીખવવામાં આવે તો વિદ્યાર્થી સુરક્ષિત છે. જ્યારે જ્યારે આ બાબતનાં મંથનો ચાલે છે ત્યારે ત્યારે બુદ્ધિ હારી જાય છે અને શ્રદ્ધાથી કામ નભે છે. બુદ્ધિ જાગૃત હોય છતાં પણ સર્વોપરી સત્તા શ્રદ્ધાની છે.

**અથવા**

સ્ત્રી કેળવણીમાં પણ સ્વતંત્રતાની ભાવના સમાયેલી છે. મનની કેળવણીનો, બુદ્ધિ વિકાસનો અને જ્ઞાનનો અધિકાર પુરુષ જેટલો જ સ્ત્રીનો પણ છે. એ અધિકાર હિન્દુ સમાજમાં સ્ત્રીઓ પાસેથી છીનવી લેવામાં આવ્યો ત્યારથી સ્ત્રીઓની પરતંત્રતા વધારે દ્રઢ થઈ છે. વળી સ્ત્રી કેળવણીના સમર્થનમાં જ્યાં સુધી એટલું જ કહેવામાં આવે છે કે સ્ત્રીઓને કેળવણી આપ્યાથી પુરુષો સુખી થશે, પુરુષોને સારી આદર્શ ગૃહિણીઓ મળશે, પુરુષોને ઘરની સગવડમાં વધારો થશે, ત્યાં સુધી જ્ઞાનના અધિકારમાં રહેલી સ્વતંત્રતાની કદર થતી નથી. પુરુષોને લાભ થાય પુરુષોની ઉપયોગિતા સચવાય, એવો સ્ત્રી શિક્ષણનો ક્રમ હોવો જોઈએ એમ જ્યાં સુધી કલ્પવામાં આવે ત્યાં સુધી આ વિષયમાં રહેલી સ્વતંત્રતાની ભાવનાનો સ્વીકાર થતો નથી. જ્ઞાન પ્રાપ્તિ એ જાતે જ લક્ષ્ય છે અને એ લક્ષ્ય ખાતર સ્ત્રીઓ જ્ઞાન મેળવવા અધિકારી છે. સ્ત્રીને માટે અજ્ઞાન, કે અલ્પજ્ઞાન કે 'ખપ જેટલું જ્ઞાન' નિર્માણ કરવાનો પુરુષને અધિકાર નથી. જ્ઞાનનો માર્ગ પુરુષ માટે અને સ્ત્રી માટે, બ્રાહ્મણ માટે અને શુદ્ર માટે સર્વ માટે સરખી રીતે ખુલ્લો હોવો જોઈએ. અને એવો જ્ઞાનનો અધિકાર અમર્યાદિત થાય તે વિના સ્વતંત્રતાની ભાવના વિકાસ પામી શકે નહીં એ લક્ષમાં રાખી કેળવણીના પ્રયાસ કરવા જોઈએ.

(બ) નીચેના ગદ્યખંડનો સંક્ષેપ કરો :

મિત્રતાની કલાની એક મુખ્ય ચાવી સામાની શરતે પ્રેમ કરવાની તૈયારીમાં રહેલી છે. જો સ્પૃહા ન હોય તો એવું થઈ શકે છે મિત્રતાના પક્ષા પાર્ટીઓ શ્રદ્ધા ઉપર ઝૂઝતાં હોય છે. સામા માણસ ઉપર અવિશ્વાસ મૂકી મૈત્રીને આંચ આવે એવું કરવા કરતાં ગમે તેવું જોખમ પણ એ વોહરી બેસે છે. શેલી પોતે જેની સાથે દૂર ભાગી ગયો હતો અને પરણ્યો હતો તે પ્રિયતમાને મિત્ર હૉગ સાથે મૂકીને પાછો ઘરે જતા ખચકાતો નથી. આપણા બાલાશંકરે પણ જરીક જુદી રીતે, મણિલાલ ન. દ્વિવેદી પર આ જાતનો પૂરો વિશ્વાસ મૂક્યો હતો. જે સાચવવા પડે એ સંબંધ જ નથી. આવા પ્રસંગો સંબંધોના સાચાપણાની કસોટીરૂપ હોય છે. હૉગના દિલમાં ચોર વસ્યો હોત તો તે આવે પ્રસંગે પ્રગટ થઈ જાય છે અને પ્રિયતમા પણ જો હૉગમાં લપટાય તો એ પોતાના નથી. ભોગને માટે નિર્માઈ છે એ પણ શેલીને સ્પષ્ટ થાય છે. કોઈને થશે કે માનવ સ્વભાવ ઉપર આટલો બધો બોજો મુકો એ ઠીક છે ? પણ સામો પક્ષ એ છે કે આટલો બધો બોજો ઉઠાવી શકે એવી શ્રદ્ધા એ જ તો મિત્રતાનો પાયો નથી ? મિત્રતાનો કાચો રંગ હોય છે ને ઊપટી જાય એનો રંજ પણ રાખવાનો ન હોય. કેટલીક વાર તો મિત્રના ખોળામાં માથું મૂકીને સુતેલા માણસને પણ મિત્રને જો જરીક ઝોકું આવે તો એનું ગળું દબાવી દેવાની લાલચ દબાવવાની મુશ્કેલ થઈ પડે છે. મિત્રતા વસ્તુ જેવી છે કે એમાં વૈમનસ્ય પણ ભર્યું પડ્યું હોય છે. એ વૈમનસ્યના પટ ઉપર મિત્રતાની ભાત ઉપસાવવી એસ્તો કિમિયો છે. એ કિમિયો કરવા જતાં જોખમો ખેડવા રહે.

**અથવા**

ઉત્તમ પુરુષ જ્યારે સાહિત્ય સર્જે છે ત્યારે એમનું સાહિત્ય કોઈને કોઈ રીતે એમના જીવનને પણ પ્રગટ કરે છે; અથવા એમ પણ કહેવાય કે એમના જીવનમાં જ મન વચન કર્મની એવી એકતા વણાઈ ગઈ હોય છે કે એમનો શબ્દ એમની જીવનલીલાનું પ્રતિબિંબ પ્રગટ કર્યા વિના રહે નહીં. કબીર સંસારમાં હતા, પણ એ સંસારી નહોતા. ગૃહસ્થિ આધ્યાત્મિક પુરુષ હતા. એમને અધ્યાત્મમાં, આત્મસાક્ષાતકારમાં રસ હતો.

સંપ્રદાયની સાંકડી અને એકને બીજાથી જુદા પાડતી ગલીઓ એમને કઠતી હતી. કાશીમાં મરણ એટલે મોક્ષ, આવી આપણી અંધશ્રદ્ધા. આ અંધશ્રદ્ધાને જનમટીપ આપવા માટે જ જાણે કે એમણે મોટાભાગનું જીવન કાશીમાં ગાળ્યું હોવા છતાંય દેહમાંથી મુક્ત થવાનું મગહરમાં પસંદ કર્યું.

કબીરની વાણીમાં અનુભવ અને અનુભૂતિનો કોઈ નિરાળો રણકો છે અને એ રણકો એટલી હદે નિવડેલો છે કે કાળ પણ એને બોદો કરવા માટે અસમર્થ છે. કાળ પણ જેને કરમાવી ન શકે તે જ કવિતાનું સાચું પુષ્પ. કબીર એક રીતે જોઈએ તો કવિઓના કવિ છે. ઠાકોર, શ્રી અરવિંદ ઘોષ અમેરિકાના રોબર્ટ બ્લી–એમની કવિતાના અનુવાદો કરવા તરફ પ્રેરાયા. કવિને દેશ કાળના સીમાડા નડતા નથી. કવિની વાણી તો વિભિન્નને એક કરે છે.

## વિભાગ-2

5. નીચેનાં હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર જણાવો : (કોઈપણ **સાત**)

(1) ગુજરાતી સાહિત્યમાં એકાંકીનો ઉદ્‌ભવ કયા યુગમાં થયેલો ?
(a) નર્મદયુગ (b) પંડિતયુગ
(c) ગાંધીયુગ (d) આધુનિક યુગ

(2) આધુનિક એકાંકીકાર તરીકે કયા સર્જક નથી ?
(a) લાભશંકર ઠાકર (b) રઘુવીર ચૌધરી
(c) ભાનુપ્રસાદ ત્રિવેદી (d) મધુરાય

(3) એકાંકી સાહિત્યસ્વરૂપનું હાર્દ કયા ઘટકતત્વને ગણવામાં આવે છે ?
(a) ઘટના (b) સંવાદ
(c) એકતા (યુનિટી) (d) સંઘર્ષ

(4) એકાંકીના કથાનક માટે કેટલી ઘટના અનિવાર્ય હોવી જોઈએ ?
(a) એક જ (b) બે
(c) ત્રણ (d) ચાર

(5) એકાંકી સાહિત્યસ્વરૂપનું કયું ઘટક તેનું અવિભાજ્ય અંગ ગણાય છે ?
(a) સંવાદ (b) ઘટના
(c) અભિનય (d) સંઘર્ષ

(6) 'મત્સગંધા અને ગાંગેય' તથા બીજા ચાર નાટકો એકાંકી સંગ્રહ કોની પાસેથી મળ્યો છે ?
(a) ઉમાશંકર જોશી (b) મધુરાય
(c) ચં.ચી. મહેતા (d) બટુભાઈ

(7) "સોયના નાકામાંથી ઊંટ પસાર થાય, પણ સ્વર્ગના બારણામાંથી ધનવાન પસાર થઈ શકે નહિ" – આ વાક્ય કયા એકાંકીમાંથી લેવામાં આવ્યું છે ?
(a) 'સોયનું નાકું' (b) 'ફોટોગ્રાફર'
(c) 'બારણે ટકોરા' (d) 'કડલાં'

(8) નંદુ ગોરાણી કઈ એકાંકીનું પાત્ર છે ?
(a) 'કડલાં' (b) 'અશ્વત્થામા'
(c) 'બારણે ટકોરા' (d) 'સોયનું નાકું'

(9) કઈ એકાંકીમાં જીન સાથે જીવન જીવવાનો નિર્થક પ્રયત્ન પ્રગટ થયો છે ?
(a) 'કાહે કોયલ શોર મચાયે' (b) 'ઝેરવું'
(c) 'હુકમ માલિક' (d) 'અશ્વત્થામા'

(10) 'કાહે કોયલ શોર મચાયે'માં કોના દાંપત્યજીવનની ઘટના પ્રગટ થઈ છે ?
(a) મોહન-માધવી (b) માધવી-નવીન
(c) માધવી-મનહર (d) માધવી-નવનીત

(11) 'ફોટોગ્રાફર' એકાંકીમાં હસમુખરાય સ્ટુડિયોમાંથી કોનો ફોટો લઈ જાય છે ?
(a) સવિતા (b) હેતી
(c) શકરી (d) માધવી

(12) "પારકાની આતરડી થારશો તો ભગવાન તમનેય" આ સંવાદ કોણ બોલે છે ?
(a) સુનંદા (b) હેતી
(c) શકરી (d) સુખદેવ